નં/સ્ટેમ્પ/કયદ/ ૭૭/૦૬ | ... 

સુપ્રી.ઓફ.સ્ટેમ્પ્સશ્રીનીકચેરી
સ્ટેમ્પ અને નોંધણી ભવન
સેકટર-૧૩- સી "ખ" રોડ,
ગાંધીનગર
તા: ...

વંચાણમાં લીધું :(૧) અત્રેની કચેરીનો તા.૨૭-૬-૦૫ નો પરિપત્ર

ક્રમાંક:સ્ટેમ્પ/કયદ/૨૯૨/૦૪/૯૩૩૧

(૨) કચેરી નોંધ તા.૨૫-૭-૦૬

## પરિપત્ર

અત્રેની કચેરીના તા.૨૭-૬-૦૫ ના પરિપત્રમાં સ્પષ્ટ જણાવેલ છે કે મુંબઈ સ્ટેમ્પ અધિનિયમ ૧૯૫૮ ની કલમ ૩૨ ક (૧) અન્વયે સબ રજીસ્ટ્રાર તરફથી રેફરન્સ કરેલ લેખોને કલમ ૩૨-ક (૪) ની સમયમર્યાદાની જોગવાઈ લાગુ પડતી નથી. પંજાબ સરકાર વિરુધ્ધ મહાજન સત્તા ગુરુદાસપુરના કિસ્સામાં નામ.સુપ્રિ.કોર્ટ ધ્વારા ( ચુકાદા ના પેરા -૮ ) ઠરાવવામાં આવેલ છે કે પંજાબ રાજયના અમલી કાયદાની કલમ-૪૭ ક(૩) અન્વયેની સમયમર્યાદાની જોગવાઈ ( ગુજરાત રાજયની કલમ-૩૨-ક(૪) ના સમાન પ્રકાની સબ રજીસ્ટ્રારશ્રી ધ્વારા કલમ-૪૭ ક(૧) (ગુજરાત રાજયની કલમ- ૩૨-ક(૧) ને સમાન પ્રકારની કલમ રેફરન્સ કરવામાં આવેલ લેખોને લાગુ પડતી નથી. સદરહું નામ.સુપ્રિમ કોર્ટના ચુકાદાથી સ્થાપિત પૂર્વદૃષ્ટાંત ( કેસ લો.) ની બાબત કલમ-૩૨-ક(૧) અન્વયે રીફર થયેલ કેસો અંગે સમયમર્યાદાનો પ્રશ્ન ઉઠાવાતો હોવા છતાં નાયબ કલેકટરશ્રીઓ તરફથી પેરાવાઈઝ રીમાર્કસ / એફીડેવીટ કરવામાં આવતી નથી જેના પરિણામે સંખ્યાબંધ કિસ્સાઓમાં નામદાર હાઈકોર્ટ ધ્વારા કલમ-૩૨-ક ની કાર્યવાહી કાયદાથી ઠરાવેલ સમયમર્યાદામાં થયેલ ન હોવાનુ તારણ દર્શાવી સરકારશ્રીની વિરુધ્ધમાં ચુકાદો આપવામાં આવેલ છે. અને બાદમાં અત્રેની કચેરીને ઉકત હુકમ સામે એલ.પી.એ.દાખલ કરવા દરખાસ્ત કરવામાં આવે છે. આમ નાયબ કલેકટરશ્રીઓ ધ્વારા અગાઉના પરિપત્રોનો યોગ્ય અમલ થતો હોવાનું જણાતું નથી. જે અત્યંત ગંભીર બાબત છે. તો હવે પછીથી આવા કિસ્સામાં નામ.સુપ્રિમ કોર્ટ ધ્વારા એસ.એલ.પી. ૧૪૫૦૯/૧૯૯૫ ના ચુકાદાથી સ્થાપિત સિધ્ધાંત અને કાયદાકીય જોગવાઈના અર્થઘટન બાબતે કરેલ સ્પષ્ટતા પેરાવાઈઝ રીમાર્કસ તથા એફીડેવીટમાં અચુક સમાવેશ કરવામાં આવે તથા સુનાવણી દરમ્યાન પણ આ બાબત



ommakwana

નામ.હાઈકોર્ટના ધ્યાને મુકવા સરકારી વકીલશ્રીને બ્રીફ કરવામાં આવે તે અંગે પુરતી કાળજી રાખવા તમામ નાયબ કલેકટરશ્રી સ્ટેમ્પ ડયુટી મુલ્યાંકન તંત્રને આથી તાકીદ કરવામાં આવે છે. ઉપરોકત સુચના મુજબનો નાયબ કલેકટરશ્રી ધ્વારા અમલ કરવામાં નહી આવે અને તે કારણોસર જો ચુકાદો સરકારશ્રીની તરફેણમાં નહી આવે તો આ અંગનાં નાયબ કલેકટરશ્રીની અંગત જવાબદારી ગણવામાં આવશે, તેની પણ નોંધ લેવા વિનંતી છે.

ઉકત પરિપત્ર મળ્યા અગેની પહોંચ મોકલી આપવી.

સ્થળપ્રત ઉપર સુપ્રી.ઓફ સ્ટેમ્પસશ્રીએ સહી કરેલ છે.

સુપ્રી.ઓફ સ્ટેમ્પસ
ગુજરાત રાજય,ગાંધીનગર વતી

પ્રતિ,

નાયબ કલેકટરશ્રી

.................

નકલ રવાના:

(૧) અધિક સુપ્રિ.ઓફ સ્ટેમ્પસ,ગુજરાત રાજય,ગાંધીનગર

(૨) નાયબ સુપ્રિ.ઓફ સ્ટેમ્પસ, ગુજરાત રાજય,ગાંધીનગર

(૩) નાયબ મદદનીશ સુપ્રી.ઓફ સ્ટેમ્પસ ગુજરાત રાજય,ગાંધીનગર

(૪) મુખ્ય સ્ટેમ્પ નિરીક્ષક, તપાસણી / નક્શા

(૫) નાયબ નોંધણી સર નિરીક્ષકશ્રી ગુજરાત રાજય,ગાંધીનગર

(૬) સિલેકટ ફાઈલ

૨૮૦૬

pmmakwana